# લગનમાં નાચનારા ઘોડા પર વરઘોડો કાઢવો હોય તો કોંગ્રેસવાળાને બોલાવી લેજો'

**વિપક્ષના** નેતા રાહુલ ગાંધીએ કરેલા નિવેદન પર પૂર્વ ડે સીએમ નીતિન પટેલે કટાક્ષ કર્યો પણ મજા લેવા જતાં કોંગ્રેસની નિવેદનબાજીના મારામાં ફસાયા

ગાંધીનગરઃ આપણે ત્યાં બે પ્રકારના ઘોડા હોય છે, એક લગ્ન માટેના ઘોડા અને બીજા રેસ માટેના ઘોડા, આવા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કરેલા નિવેદન પર હવે પૂર્વ ડે સીએમ નીતિન પટેલે ચુટકી લીધી છે. નીતિન કાકા હંમેશા કોઈકને કોઈ કારણે ચર્ચામાં રહેતા હોય છે. ખાસ કરીને વિરોધીઓ પર પોતાના કટાક્ષ અને રમુજી નિવેદનો માટે જાણીતા નીતિન કાકાએ ફરી એકવાર ચર્ચા જગાવી છે.

નીતિન પટેલે રાહુલ ગાંધીના પક્ષમાં બે પ્રકારના ઘોડા હોય છે તે નિવેદન પર કટાક્ષ કરતાં કહયું હતું કે ભાજપ પાસે રેસમાં દોડનાર ઘોડા જ છે..સાથે જ નીતિન પટેલે કહ્યું હતું કે, કોઈના ઘરે લગ્ન હોય કે, કોઈની ઈચ્છા હોય કે નાચનાર ઘોડા પર વરઘોડો કાઢવો હોય તો કોંગ્રેસવાળાને બોલાવી દેજો. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, કોંગ્રેસમાં બે પ્રકારના ઘોડા છે. લગ્નના ઘોડા રેસમાં અને રેસના ઘોડા લગ્નમાં દોડે છે, તેમાં ફેરફાર કરવો પડશે.

## કોંગ્રેસનો પલટવાર: નિતીનકાકાનું દુ:ખ અને વ્યથા સમજી શકાય છે

**પક્ષપલટુઓ** સત્તા ભોગવે છે અને કાકાને ભાજપમાં કોરાણે મૂકાયા છે, નવા મંત્રીઓને સાહેબ કહેવા પડે છે

નીતિન કાકાની ચુટકીનો જવાબ આપતાં પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો મનીશ દોશીએ કહયું હતું કે ભાજપમાં હાલ કુલ ત્રણ જુથના કાર્યકરો છે. જેમાં એક જુથ પાયાના વર્ષો જુના કાર્યકરોનું છે. જે સતત અપમાન અને અવગણના સહન કરે છે. બીજી જુથ સંત્રી અને મંત્રીનું લાભાર્થી જુથ છે જે કોન્ટ્રાક્ટ, ખનીજ ચોરી બદલી બઢતી અને તેમાં મલાઈ ખાવાનું કામ કરે છે. ત્રીજુ જુથ પક્ષ પલટુઓનું જુથ છે, જે સીધું સત્તામાં આવીને મજા કરે છે. ત્રણ જુથની સત્તાની સાઠમારીમાં નિતીન કાકાની દુઃખ અને વ્યથા સમજી શકાય અમને તેમના માટે સહાનુભુતી છે. તેમની સાથે જે વ્યવહાર થઇ રહ્યો છે તે દુઃખદ છે. દોશીએ જણાવ્યું હતું કે ભાજપાની નીતિ હંમેશા જુના અને પાયાના લોકોની અવગણના અને અપમાન કરવાની રહી છે. રાષ્ટ્રીય સ્તરે અડવાણી અને મુરલી મનોહર જોષીનું અપમાન અને ગુજરાતમાં નિતીન કાકાની જાહેર કાર્યક્રમમાં વ્યથા બહાર આવી છે. નીતિન કાકાએ રાહુલ ગાંધીના સ્ટેટમેન્ટને ક્વોટ કર્યું છે. નીતિનભાઈ જાણે છે કે ભાજપામાં તેઓ કોરાણે મૂકાયા છે. નવા લોકોને મંત્રીઓને સાહેબ કહેવા પડે.. નમસ્તે મંત્રીજી કહેવું પડે છે. વધુ પડતા પક્ષ પલટુઓને જે સ્થાન મળ્યું છે તે સત્તા ભોગવે છે, તેની સામે તેમનો છુપો આક્રોશ છે. કોંગ્રેસમાં નેતાઓએ ખુરશી મળે છે તો નીતિનભાઈ જાહેર કરે કે તે નાચવા વાળા ઘોડા છે કે કેમ ?

# 62માં જન્મ દિવસે સીએમ ભૂપેન્દ્ર પટેલે અડાલજ દાદા ભગવાન મંદિરમાં દર્શન પૂજા- અર્ચના કરી

ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે 62માં જન્મ દિવસ અવસરે વહેલી સવારે અડાલજ ત્રિમંદિર ખાતે દાદા ભગવાન મંદિર માં દર્શન પૂજા - અર્ચના કરીને દિવસના કાર્યોનો પ્રારંભ કર્યો હતો. મુખ્યમંત્રીએ ત્રિમંદિર પરિસર માં પૂજ્ય દાદા ભગવાન , પૂજ્ય નીરૂમાંની સમાધિ પર શિશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા અને દેવી દેવતાઓના દર્શન તેમજ શિવ મંદિર માં જલાભિષેક કર્યો હતો. મુખ્યમંત્રીએ જન્મ દિવસ અવસરે રાજ્યના સૌના સ્વાસ્થ્ય સુખાકારી સમૃદ્ધિ અને સમગ્ર રાજ્યના સમગ્રતયા અવિરત વિકાસ માટે પ્રાર્થના કરી હતી.મુખ્યમંત્રીએ મંદિર પરિસરમાં દર્શનાર્થીઓનું ઉષ્માપૂર્ણ અભિવાદન પણ ઝીલ્યું હતું.

પીએમ નરેન્દ્ર મોદીએ જન્મદિવસની શુભેચ્છા પાઠવતા એકસ (ટવીટ્ટર) પર લખ્યુ હતું કે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાતમાં યુવા સશક્તિકરણ અને સર્વગ્રાહી વિકાસની ગતિને જે વેગ મળી રહ્યો છે તેની વડાપ્રધાનએ પ્રશંસા કરી છે. ગુજરાતના લોકોની સેવામાં ભૂપેન્દ્ર પટેલના સ્વાસ્થ્યપ્રદ અને દીર્ધાયુ જીવન માટે પણ વડાપ્રધાનએ શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન અમીત શાહ, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવીયા, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ તેમજ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાજ્યના GST સેવા કેન્દ્રો ફેસ ઓથેન્ટિકેશનથી આધાર આધારિત ઓળખ ચકાસણીની શરૂઆત

**અમદાવાદ** જીએસટી કચેરી ખાતે નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ સેવાનો પ્રારંભ કરાવ્યો

**રાજ્યમાં** કરદાતાના સંખ્યા વધીને 11.97 લાખ થઈ, પાંચ વર્ષના ગાળામાં જીએસટીની આવક બમણી થઈ

અમદાવાદઃ રાજ્યમાં જીએસટી નોંધણી નંબરમાં એનકેન પ્રકારે લાલચ આપીને રજીસ્ટર મોબાઈલ બદલીને નંબર દ્વારા જીએસટી કૌભાંડ આચરતા હોવાનું ધ્યાને આવ્યું હતું. આ ગેરરીતિ-કૌભાંજને રોકવા માટે જીએસટી વિભાગ દ્વારા હવે ફેસ ઓથેન્ટીકેશનના માધ્યમથી આધારકાર્ડ આધારિત ઓળખ સેવાનો અમદાવાદ જીએસટી કચેરી ખાતે રાજ્યના નાણામ ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈએ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યના ચીફ જીએસટી કમિશનર સમીર વકીલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યના નાણાં ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે આ નવી પ્રક્રિયાથી જીએસટી પ્રોસેસિંગ ટાઈમમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે, અને તેનાથી અરજદારોને વધુ સારી સેવા મળી રહેશે. જુલાઈ 2017માં જીએસટીની અમરાલવારી થઈ હતી, તે સમયે ગુજરાતમાં એક્ટિવ ટેક્સ પ્લેયરોની સંખ્યા 5.8 લાખ જેટલી હતી. જે વધીને જુલાઈ 2024માં 11.97 લાખ થઈ છે આમ ટેક્સ પ્લેયરમાં 135 ટકાનો વધારો થયો છે. વર્ષ 2018-19માં ગુજરાત રાજ્યને જીએસટી પેટે રૂ. 32,030 કરોડની આવક થયેલી છે. જે વધીને વર્ષ 2023-24માં 64,576 કરોડ થયેલી છે. આમ પાંચ વર્ષના ગાળામાં રાજ્યની જીએસટીની આવક બમણી થઈ છે.

રાજ્યકર વિભાગ જીએસટી, વેટ અને ઈલેક્ટ્રિક સીટી તેમજ પ્રોફેશનલ ટેક્સના કાયદાની અમલવારી કરતું હોય છે. વર્ષ 2022-23માં રાજ્ય કર વિભાગને આ કાયદાઓ હેઠળ કુલ 1,14,864 કરોડની આવક થયેલી છે જ્યારે વર્ષ 2023-24માં કુલ આવક રૂપિયા 1,20,741 કરોડ થયેલી છે. જ્યારે રિટર્ન ફાઈલિંગમાં ગુજરાત હંમેશા દેશમાં પ્રથમ ક્રમે રહેલું છે. વર્ષ 2023-24માં 99.6 ટકા કરદાતાઓએ પોતાના જીએસટી પત્રો ભરેલા છે.

# લેડી ગવર્નર દર્શનાદેવીના જન્મદિવસે રાજભવન પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન

**605** યુનિટ રક્ત એકત્ર કરાયું ,1,815 વ્યક્તિને મદદ પહોંચાડી શકાય છે

ગાંધીનગરઃ લેડી ગવર્નર દર્શનાદેવીના જન્મદિવસે આજે રાજભવન પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પ દરમિયાન 605 યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ રક્તદાન કેમ્પ દરમિયાન રક્તદાન કરનાર રક્તદાતાઓને સંબોધતાં કહ્યું કે, પરિવારમાં જન્મદિવસ કે અન્ય શુભ પ્રસંગોએ પરિવારજનો દ્વારા સમાજોપયોગી કાર્યો થાય એ પ્રેરણાદાયી છે.

રક્ત કૃત્રિમ રીતે ફેક્ટરીમાં બનાવી શકાતું નથી, રક્તદાનથી જ એક માનવી અન્ય માનવની અમૂલ્ય મદદ કરી શકે છે. લેડી ગવર્નર દર્શનાદેવીના જન્મદિવસ નિમિત્તે રાજભવનમાં આયોજિત રક્તદાન કેમ્પ દરમિયાન ભારતીય વાયુસેના, કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ, પોલીસ અને હોમગાર્ડના જવાનો, એનસીસી અને એનએસએસના સ્ટુડન્ટ્સ, ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, મેડિકલ સ્ટુડન્ટ્સ અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.

## GPERIએ ઉ.ગુ. ની અન્ય કોલેજોના વિદ્યાર્થીઓ માટે સમર ઈન્ટર્નશીપ યોજી

અમદાવાદઃ ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી દ્વારા સંચાલિત ગુજરાત પાવર એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની જરૂરિયાત હેઠળ, બે સપ્તાહની ઈન્ટર્નશિપમાંથી પસાર થવાની તક મળી. જેમાં સંસ્થાના સિવિલ, કમ્પ્યુટર, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ શાખાઓમાંથી 200 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. સિવિલ એન્જિનિયરિંગમાં સોફ્ટવેર એપ્લીકેશન, મિકેનિકલ એન્જિનિયરિંગમાં આધુનિક મેન્યુફેક્ચરીંગ પ્રક્રિયાઓ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં સોલાર એનર્જી, ડોમેસ્ટીક ઈલેક્ટ્રીક વાયરીંગ, મોટર વાઈન્ડીંગ અને કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં સાયબર સિક્યોરિટી, એચટીએમએલ ફંડામેન્ટલ્સ, સી પ્રોગ્રામિંગમાં ઈન્ટર્નશિપ ઓફર કરવામાં આવી હતી.

**અનુસંધાન** ... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

નેતાઓના પ્રતિસાદ પર આધારિત છે. સિદ્ધારમૈયાના આત્મવિશ્વાસથી પ્રભાવિત ખડગેએ તેમને કથિત રીતે કહ્યું હતું કે જો પાર્ટી 20 સીટો સુધી પહોંચે તો તેઓ વ્યક્તિગત રીતે બેંગલુરુ આવશે અને તેમને હાર પહેરાવશે. ત્યાં બંને નેતાઓ વચ્ચે વાતચીત સમાપ્ત થઈ. આ વાર્તાલાપ રસપ્રદ હતો. કારણ કે, ખડગે પણ કર્ણાટકના છે અને મુખ્ય પ્રધાનને પ્રશ્નો પૂછીને તેઓ જમીની સ્તરે વાસ્તવિક સ્થિતિ વિશેના તેમના જ્ઞાનની ઊંડાઈનું મૂલ્યાંકન કરી રહ્યા હશે.

### સીપીડબ્લ્યુડીએ કેન્દ્ર સરકારની ઇમારતોમાં તમામ નળમાં એરેટર્સ ઇન્સ્ટોલ કર્યા

સરકારી ઇમારતોમાં પાણીનો વપરાશ એવા સમયે તપાસમાં આવ્યો છે જ્યારે દિલ્હીમાં ભીષણ ગરમીને કારણે પાણી પુરવઠામાં કાપનો સામનો કરવો પડી રહ્યો છે. જલ શક્તિ મંત્રાલયે સરકારી કચેરીઓની જાળવણી કરતું સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (સીપીડબ્લ્યુડી)ને ખાતરી કરવા માટે કહ્યું છે કે વોટર ટેપ એરેટર્સ સ્થાપિત કરવાની તેની 2019ની પહેલને ખંતપૂર્વક અનુસરવામાં આવે છે, તે વિશ્વસનીય રીતે જાણવા મળ્યું હતું. સરકારે ઉદાહરણ રજૂ કરીને નેતૃત્વ કરવું જોઈએ અને તમામ સીપીડબ્લ્યુડી ઇમારતોને પાણીના પ્રવાહને નિયંત્રિત કરવા માટે તમામ નળ પર એરેટર્સ સ્થાપિત કરવા જોઈએ. મંત્રાલયે ગયા મહિને યોજાયેલી એક બેઠક દરમિયાન સીપીડબ્લ્યુડીને જણાવ્યું હતું. મંત્રાલયની સૂચનાઓ પર કાર્યવાહી કરતાં સીપીડબ્લ્યુડીએ કેન્દ્ર સરકારની ઇમારતોમાં તમામ નળમાં એરેટર્સ ઇન્સ્ટોલ કરેલા છે તેની ખાતરી કરવા માટે તરત જ તેની તમામ કચેરીઓને આદેશ જારી કર્યો. જલ શક્તિ મંત્રાલયના અધિકારીઓએ ગરમીની મોસમ દરમિયાન જળ સંરક્ષણ માટે સીપીડબ્લ્યુડીને નિર્દેશો જારી કરીને યોગ્ય કર્યું. ચોક્કસપણે, દાનની શરૂઆત ઘરથી જ થવી જોઈએ અને સરકારે વ્યક્તિગત ઉદાહરણ દ્વારા ચલણ શરૂ કરવું જોઈએ.

### ચૂંટણી પછીની રજિસ્ટ્રેશન પ્રક્રિયા સંપૂર્ણપણે પેપરલેસ હતી

4 જૂને મતગણતરી પહેલા લોકસભા સચિવાલયે નવા સભ્યોને આવકારવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. લોકસભાના મહાસચિવ ઉત્પલ કુમાર સિંહે તૈયારીઓના ભાગરૂપે 18મી લોકસભાના સભ્યોની એકીકૃત નોંધણી માટે કરવામાં આવેલી વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. પ્રક્રિયા સંપૂર્ણપણે પેપરલેસ હતી. સચિવાલયે દિલ્હીમાં એરપોર્ટ અને રેલવે સ્ટેશનો પર ડિજિટલ રજિસ્ટ્રેશન ડેસ્ક, ગાઇડ પોસ્ટ્સ પણ ગોઠવી છે. આ સાથે પરિવહન આવાસ ગોઠવવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી હતી. તમામ 20 રજિસ્ટ્રેશન કાઉન્ટરો સ્થાપવામાં આવ્યા હતા - સંસદ ભવન એનેક્સીમાં બેન્કવેટ હોલ અને ખાનગી ડાઇનિંગ રૂમમાં 10-10. સચિવાલયે નોંધણી હેતુ માટે 70 અધિકારીઓને ખાસ તાલીમ પણ આપી હતી. દરેક સામાન્ય ચૂંટણી દરમિયાન પરિણામોની ઘોષણા પછી આ એક પરંપરાગત કવાયત છે. અભ્યાસને પેપરલેસ બનાવવો એ એક નવું પરિમાણ હતું.

### દક્ષિણ ગુજરાત...

દ્વારા માછીમારોને બે દિવસ બાદ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે, ઓફશોર ટ્રફ, સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ , બંગાળના અખાત પરથી આવેલી લો પ્રેશ સિસ્મટ સક્રિય થતા રાજ્યમાં અતિ ભારે વરસાદ આવશે. આ માટે સમગ્ર રાજ્મયાં 48 કલાક માટે રેડ એલર્ટ જાહેર કરાયું છે.


### છગન ભુજબલની...

આગળ જઈને સ્થિતિ બગડી જશે. શરદ પવારે કહ્યું કે તેઓ એકનાથ શિંદે સાથે વાત કરશે અને સમાધાન કરવાના પ્રયાસ કરશે.હું ઓબીસી અનામત મામલે પીએમ મોદી, અમિત શાહ અથવા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી શકું છું.

### 200થી વધુ ભૂતપૂર્વ...

વહેલામાં વહેલી તકે તેમના સત્તાવાર આવાસ ખાલી કરવામાં નિષ્ફળ જશે તો અધિકારીઓની ટીમોને ટૂંક સમયમાં બળપૂર્વક તેઓને બહાર કાઢવા માટે મોકલવામાં આવશે.

# ડોનાલ્ડ ટ્રમ્પ પરના હુમલાને કારણે તેમની તરફેણમાં સહાનુભૂતિનું મોજું પેદા થશે



અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર ચૂંટણી રેલીમાં થયેલા હુમલાથી અમેરિકામાં ખળભળાટ મચી ગયો છે. આ હુમલા બાદ વધુ એક ષડયંત્રની થિયરી સામે આવી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પના હુમલાખોરનું રશિયા-યુક્રેન યુદ્ધ સાથે કનેક્શન બહાર આવ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે થોમસ ક્રૂક્સ બ્લેકરોક સાથે સંકળાયેલો હતો અને યુક્રેનને ટેકો આપવામાં બ્લેકરોકની મોટી ભૂમિકા છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને યુક્રેન વિરુદ્ધ ગણવામાં આવે છે. ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનો નિષ્ફળ પ્રયાસ કરનાર શૂટર થોમસ મેથ્યુ ક્રૂક્સને બ્લેકરોકની જાહેરાતમાં બતાવવામાં આવ્યો હતો. આ જાહેરાત બેથેલ પાર્ક હાઈસ્કૂલમાં ફિલ્માવવામાં આવી હતી. શનિવાર સાંજની ઘટના પછી બ્લેકરોકે તે વાંધાજનક વિડિયો હટાવી લીધો હતો.

ડોનાલ્ડ ટ્રમ્પ પરના ગોળીબાર પછી સોશ્યલ મિડિયામાં કેટલાક લોકો દાવો કરી રહ્યા છે કે ટ્રમ્પને ક્યારેય ગોળી મારવામાં આવી નથી. કેટલાંક સૂત્રોને ટાંકીને અમેરિકન મિડિયાએ એમ પણ કહ્યું છે કે ટ્રમ્પના કાનમાંથી જે લોહી નીકળ્યું હતું તે વાસ્તવમાં કાચના ટુકડા સાથે અથડાવાને કારણે હતું. ટ્રમ્પ જે ટેલિપ્રોમ્પ્ટરથી વાંચી રહ્યા હતા તેના પર હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે કાચ તૂટી ગયો હતો અને તેમના કાનમાં ઈજા થઈ હતી. મિઝોરી સેક્રેટરી ઓફ સ્ટેટ વેલેન્ટિના ગોમેઝે ટ્વિટર પર પોસ્ટ કરેલા એક વિડિયોમાં જણાવ્યું હતું કે સુરક્ષામાં ભૂલ ઇરાદાપૂર્વક કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમના સુરક્ષા કર્મચારીઓમાંથી કોઈની સાથે સ્પષ્ટ રીતે ચેડાં કરવામાં આવ્યાં છે. કેટલાંક લોકો માની રહ્યા છે કે ડોનાલ્ડ ટ્રમ્પની તરફેણમાં સહાનુભૂતિનું મોજું પેદા કરવા આ હુમલાનું નાટક કરવામાં આવ્યું હતું.

૧૯૮૧માં રોનાલ્ડ રીગનની હત્યાના પ્રયાસ બાદ અમેરિકામાં રાષ્ટ્રપતિ અથવા રાષ્ટ્રપતિપદના ઉમેદવાર પર આ પ્રથમ હત્યાનો પ્રયાસ હતો. અમેરિકામાં બરાબર ચાર મહિનામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવા જઈ રહી છે. હત્યાનો પ્રયાસ કરનારાં લોકો ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ ન બને તેવું ઇચ્છે છે. હકીકતમાં ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું છે કે જો તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ બનશે તો યુદ્ધમાં યુક્રેનને સહાય આપવાનું બંધ કરશે. જો અમેરિકા સહાય કરવાનું બંધ કરી દે તો યુક્રેનને રશિયાને શરણે જવું પડે અને યુદ્ધ સમાપ્ત થઈ જાય. આ યુદ્ધ દ્વારા જેને ફાયદો થાય છે તે શસ્ત્ર લોબી દ્વારા ટ્રમ્પની હત્યાનું કાવતરું ઘડાયું હોઈ શકે છે.

અમેરિકા ઘણા દાયકાઓથી બંદૂકની હિંસા સાથે સંઘર્ષ કરી રહ્યું છે. યુએસ પ્રમુખ જોન એફ કેનેડીની ૧૯૬૩માં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ત્યાર બાદ ૧૯૬૮માં કેલિફોર્નિયામાં રોબર્ટ એફ કેનેડીની પણ હત્યા કરવામાં આવી હતી. ચૂંટણી પ્રચાર દરમિયાન અન્ય ઘણા ચૂંટણી ઉમેદવારોની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. ૧૯૭૨માં સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા જ્યોર્જ વોલેસને પણ પ્રચાર દરમિયાન સ્ટેજ પર ગોળી મારી દેવામાં આવી હતી. ડોનાલ્ડ ટ્રમ્પ પરના ગોળીબારનો ચૂંટણી ઉપર પ્રભાવ પડશે તે નક્કી છે.

આ પહેલી વાર નથી જ્યારે ભૂતપૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ પર જીવલેણ હુમલો થયો હોય. આ પહેલાં પણ અમેરિકાના રાષ્ટ્રપતિ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ પર ઘાતક હુમલા થઈ ચૂક્યા છે. એન્ડ્રુ જેક્સન અમેરિકાના સાતમા રાષ્ટ્રપતિ હતા. ૩૦ જૂન, ૧૮૬૫ના રોજ રાષ્ટ્રપતિ જેક્સનને ગોળી મારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગુનેગાર રિચાર્ડ લોરેન્સની બંને પિસ્તોલ ખોટી રીતે ફાયર થઈ

**ટુ ધ પોઇન્ટ**

**સમકિત શાહ**

હતી. અમેરિકાના ઈતિહાસમાં આ પહેલો બનાવ હતો જ્યારે કોઈએ અમેરિકાના રાષ્ટ્રપતિને મારવાનો પ્રયાસ કર્યો હોય. અબ્રાહમ લિંકન અમેરિકાના ૧૬મા રાષ્ટ્રપતિ તરીકે સત્તામાં હતા ત્યારે તેમની હત્યા કરવામાં આવી હતી. ૧૪ એપ્રિલ, ૧૮૬૫ના રોજ અબ્રાહમ લિંકન વોશિંગ્ટન ડીસીમાં ફોર્ડના થિયેટરમાં કોમેડી નાટક અવર અમેરિકન કઝિન જોવા ગયા હતા. અમેરિકન રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકન તેમનાં પત્ની મેરી ટોડ લિંકન સાથે હતાં. આ સમય દરમિયાન સ્ટેજ એક્ટર જોન વિલ્કસ બૂથે અબ્રાહમ લિંકનની ગોળી મારીને હત્યા કરી હતી.

જેમ્સ ગારફિલ્ડ અમેરિકાના ૨૦મા રાષ્ટ્રપતિ હતા. અબ્રાહમ લિંકન પછી જેમ્સ ગારફિલ્ડ હત્યા કરાયેલા બીજા અમેરિકન રાષ્ટ્રપતિ બન્યા હતા. ૨ જુલાઈ, ૧૮૮૧ ના રોજ ચાર્લ્સ જે. ગિટેઉએ જેમ્સ ગારફિલ્ડને ગોળી મારી હતી. થોડા મહિના પછી તેમનું મૃત્યુ થયું હતું. હેરી ટ્રુમેન અમેરિકાના ૩૩મા રાષ્ટ્રપતિ હતા. ૧ નવેમ્બર, ૧૯૫૦ ના રોજ હેરી ટ્રુમેનને મારી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વ્હાઇટ હાઉસમાં થોડું કામ ચાલી રહ્યું હતું, તેથી હેરી ટ્રુમેન અસ્થાયી રૂપે બ્લેર હાઉસમાં રોકાયા હતા. રાષ્ટ્રપતિ પર હુમલો કરવા આવેલા બે હુમલાખોરો બિલ્ડીંગમાં પ્રવેશે તે પહેલાં જ પોલીસ કર્મીઓએ તેમને મારી નાખ્યા હતા. જહોન એફ. કેનેડી યુનાઇટેડ સ્ટેટ્સના ૩૫મા રાષ્ટ્રપતિ હતા. ૧૯૬૩માં કેનેડી તેમની પત્ની સાથે અમેરિકાના ડલ્લાસના પ્રવાસે ગયા હતા. આ પ્રવાસમાં તેમની પત્ની જેક્લીન કેનેડી પણ તેમની સાથે હતી. ૨૨ નવેમ્બર, ૧૯૬૩ના રોજ એક સ્નાઈપરે જોન એફ. કેનેડીને ગોળી મારી તેમની હત્યા કરી હતી.

રોનાલ્ડ રીગન અમેરિકાના ૪૦મા રાષ્ટ્રપતિ હતા. ૧૯૮૧માં વોશિંગ્ટનની હિલ્ટન હોટેલમાંથી બહાર નીકળતી વખતે યુએસ પ્રમુખ રોનાલ્ડ રીગનને ગોળી મારી દેવામાં આવી હતી. આ હુમલાઓ સિવાય અમેરિકાના રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને જ્યોર્જ ડબલ્યુ બુશ પર પણ ઘાતક હુમલા થયા હતા. આ હુમલામાં અમેરિકન રાષ્ટ્રપતિ સુરક્ષિત રીતે બચી ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ગણાય છે. તેઓ પ્રમુખ જો બિડેન સામે સ્પર્ધામાં આગળ મનાય છે. તેમના પર હુમલો થવાનું આ મુખ્ય કારણ છે. અમેરિકાની જે લોબી ડોનાલ્ડ ટ્રમ્પને પ્રમુખ તરીકે જોવા નથી માગતી તેણે આ હુમલો કરાવ્યો છે.

રાજકીય જોખમ સંશોધન અને કન્સલ્ટિંગ ફર્મ યુરેશિયા ગ્રુપના પ્રમુખ ઇયાન બ્રેમરેના મતે ચૂંટણી પ્રચાર રેલીમાં ગોળીબાર બાદ લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ઠીક છે, પરંતુ અમેરિકન લોકશાહી ઠીક નથી. તેમણે ટ્વિટર પર પોસ્ટ કરેલા એક વિડિયોમાં જણાવ્યું હતું કે હત્યાનો પ્રયાસ એટલા માટે થયો હતો કારણ કે ઘણાં અમેરિકનોને ખાતરી હતી કે તેમના રાજકીય હરીફ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકન લોકશાહીને નષ્ટ કરવા માટે મક્કમ છે. આ અત્યાર સુધીની સૌથી ખરાબ ઘટના છે અને હું ખૂબ જ ચિંતિત છું કે તે વધુ રાજકીય હિંસા અને સામાજિક અસ્થિરતા આવવાનો સંકેત આપે છે. ગોળીબાર બાદ હવામાં ઉછળેલી ડોનાલ્ડ ટ્રમ્પની મુઠ્ઠી અને લોહીલુહાણ ચહેરો રાષ્ટ્રપતિ જો બિડેન માટે નુકસાનકારક સાબિત થશે. ગયા મહિને ટી.વી. ચર્ચામાં નબળા પ્રદર્શન પછી જો બિડેન ખૂબ જ નબળા અને મૂંઝવણમાં દેખાઈ રહ્યા છે. આ વખતે ટ્રમ્પ ચૂંટણી જીતે તેવી શક્યતા વધુ છે. અમેરિકનોએ રાજકીય ક્ષેત્રમાં વધુ હિંસા માટે તૈયારી રાખવી જોઈએ.

નવેમ્બરની ચૂંટણીમાં ટ્રમ્પની જીત યુક્રેન માટે અમેરિકાના સતત સમર્થન અંગે પ્રશ્નો ઊભા કરશે. રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે જો તેઓ ફરીથી રાષ્ટ્રપતિપદ જીતી જશે તો તેઓ ખૂબ જ ઝડપથી યુક્રેનના સંઘર્ષનો અંત લાવશે. આ કારણે યુક્રેનને ડર છે કે તેને નબળા સ્થાનેથી મોસ્કો સાથે વાટાઘાટો કરવાની ફરજ પડશે. રશિયાના પ્રમુખ પુટિને એમ પણ કહ્યું હતું કે તેઓ યુદ્ધ સમાપ્ત કરવા વિશે ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણીઓને ખૂબ જ ગંભીરતાથી લે છે. આ સાથે ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધ, અમેરિકા અને ખાડી દેશો વચ્ચેના સંબંધોમાં ઘણો બદલાવ આવશે. ભારત અને ચીનના સંબંધોમાં થોડી વધુ મિત્રતા અને દુશ્મની વધી શકે છે. મતલબ કે ભારત સાથે અમેરિકાના સંબંધો વધુ સુધરી શકે છે અને ચીન સાથે વધુ ખરાબ થઈ શકે છે.

**ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનો પ્રયાસ કરનાર શૂટર થોમસ મેથ્યુ ક્રૂક્સને બ્લેકરોકની જાહેરાતમાં બતાવવામાં આવ્યો હતો. આ જાહેરાત બેથેલ પાર્ક હાઈસ્કૂલમાં ફિલ્માવવામાં આવી હતી**



Valentine Multiplex
DOLBY ATMOS
સરફીરા * અક્ષયકુમાર * રાધિકા મદન
૯.૪૦, ૧૨.૩૦, ૪.૩૦, ૭.૨૫, રાત્રે ૧૦.૨૦
હિન્દુસ્તાની-૨ સવારે ૧૧.૩૫
કલ્કિ 2898 AD ૯.૫૦, ૧.૧૦, ૩.૨૫, ૫.૦૦, ૬.૪૫, રાત્રે ૧૦.૦૫
કિલ (A) ૯.૩૦, ૨.૫૫, રાત્રે ૮.૨૦, ૧૦.૨૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.


રૂપાલી
રાંદેર રોડ, અડાજણ, સુરત
હિન્દુસ્તાની-૨
કમલહસન (જોરદાર ભૂમિકા)
૯.૩૦, ૧૨.૪૫, રાત્રે ૧૦.૩૦
કલ્કિ 2898 AD ૭.૧૫
સરફીરા ૪.૦૦
થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

રૂ. ૮૦/- થી શરૂ
એકશન સંવાદોભર્યુ ચિત્ર

સરફીરા
* અક્ષયકુમાર * રાધિકા મદન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જોરદાર સંવાદો, એકશન
હિન્દુસ્તાની-૨
કમલહસન (જોરદાર ભૂમિકા)
૧૨.૧૫, ૩.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.


ROONGTA Multiplex CINEMAS
શ્યામ મંદિરની સામે, વીઆઈપી રોડ, વેસુ, સુરત.
સરફીરા * અક્ષયકુમાર * રાધિકા મદન
૮.૦૦, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૩૦, ૬.૪૦, ૭.૩૦, રાત્રે ૮.૦૦, ૧૦.૨૫
હિન્દુસ્તાની-૨ ૯.૦૦, ૧૦.૫૦, ૩.૦૦, ૪.૩૦, રાત્રે ૯.૩૫, ૧૧.૦૦
કલ્કિ 2898 AD 2D : ૧૦.૦૦, ૪.૪૦, રાત્રે ૧૧.૩૦ 3D : ૧.૨૦, રાત્રે ૮.૧૦
કિલ (A) ૮.૪૦, ૫.૨૫
Despicable Me-4 3D (હિન્દી) : સવારે ૭.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.


RAJHANS MULTIPLEX
એ.આર.મોલ, મોટા વરાછા, સુરત.
સરફીરા * અક્ષયકુમાર * રાધિકા મદન
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૫૦
હિન્દુસ્તાની-૨ ૩.૨૦, ૬.૩૫, રાત્રે ૧૦.૦૦
કલ્કિ 2898 AD ૧૦.૦૦, ૧૧.૨૫, ૧.૨૦, ૨.૪૫, ૬.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૧૫
કિલ (A) ૧૨.૦૦, ૪,૪૫, ૭.૧૫, રાત્રે ૯.૪૫
બિલ્ડર બોયઝ એક શો : ૧૨.૦૦
ઝમકુડી ગુજરાતી : એક શો : ૨.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.


CITY PLUS MULTIPLEX ફ્રી પાર્કીંગ
કલ્કિ 2898 AD ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૬.૪૫, રાત્રે ૯.૩૦, ૧૦.૩૦
સરફીરા * અક્ષયકુમાર * રાધિકા મદન
૧૦.૩૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, રાત્રે ૧૦.૦૦
કિલ (A) ૧૦.૦૦, ૧૨.૦૦, ૭.૧૫
બિલ્ડર બોયઝ ગુજરાતી : ૧.૨૦
હિન્દુસ્તાની-૨ ૩.૩૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.
ફોન બુકીંગ માટે : 93288 81222, 93275 42854


CINEZZA Multiplex
ડીમાર્ટની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.
સરફીરા * અક્ષયકુમાર * રાધિકા મદન
૯.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, રાત્રે ૯.૩૦
હિન્દુસ્તાની-૨ ૯.૦૦, ૨.૪૫, ૬.૧૫
કલ્કિ 2898 AD ૧૦.૩૦, ૧૨.૧૫, ૨.૦૦, ૩.૪૫, ૫.૩૦, રાત્રે ૯.૦૦
વિજય શેતુપતિ મહારાજા ૧૨.૦૦, રાત્રે ૯.૪૫
Despicable Me-4 સવારે ૧૦.૦૦
થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.